# ગુજરાત યુનિવર્સિટી

યુવક કલ્યાણ વિભાગ (રૂમ નં:૧૩), નવરંગપુરા, અમદાવાદ -૯

સંપર્ક નં. : 079-26300834


યુ.ક નં. /36/2017 તા:28/06/2017

પ્રતિ,

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય સંસ્થાના વડાશ્રીઓ તેમજ યુનિવર્સિટી વિદ્યાભવનના અધ્યક્ષશ્રીઓ

**વિષયઃ- વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીઓમાં નામ નોંધાવવા/કમી કરવા અંગે**

**સંદર્ભઃ- મુખ્ય નિર્વાચન અધિકારી અને અગ્ર સચિવ, ગુજરાત રાજ્ય તરફથી આવેલ પત્ર ક્રમાંક ઈએલઆર-1416-222(2)-છ તા. 13/06/2017**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય તેમજ સંદર્ભ પરત્વે જણાવવાનું કે આ સાથે સામેલ મુખ્ય નિર્વાચન અધિકારી અને અગ્ર સચિવ, ગુજરાત રાજ્ય તરફથી આવેલ પત્ર ના અનુસંધાનમાં આપના સ્તરેથી ઘટતી કાર્યવાહી કરવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

(ડો. વી. કે. ચાવડા)

મ. નિયામક, યુવક કલ્યાણ

મજબૂત લોકશાહી - સૌની ભાગીદારી   અ.સ.પત્ર ક્રઃઈએલઆર-૧૪૧૬-૨૨૨(૨)-છ

સામાન્ય વહીવટ વિભાગ
બ્લોક નં. ૭, બીજો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨ ૦૧૦.
તારીખઃ- ૧૩/૦૬/૨૦૧૭

DYW

159260027782

સત્યમેવ જયતે

બી. બી. સ્વૈન, આઇએએસ
મુખ્ય નિર્વાચન અધિકારી
અને અગ્ર સચિવ,
ગુજરાત રાજ્ય

GUJARAT UNIVERSITY
Inward No.
2 / JUN 2017
File.

સ્નેહીશ્રી

ભારતના ચૂંટણી પંચ ધ્વારા રાજયની તમામ ૧૮૨ વિધાનસભા મતદાર વિભાગની મતદારયાદીઓ ૧/૧/૨૦૧૭ ની લાયકાતની તારીખના સંદર્ભમાં સુધારણા કરવાની કામગીરી માટે આદેશ કરેલ છે. જે માટે તા.૧/૭/૨૦૧૭ થી તા.૩૧/૭/૨૦૧૭ દરમ્યાન મતદારયાદીમાં નામ નોંધાવવા/કમી કરવા માટે અરજી કરવાનો સમયગાળો નિયત કરવામાં આવ્યો છે. કોલેજો તથા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ કે જેઓની ઉંમર તા.૧/૧/૨૦૧૭ ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તો તેઓ મતદારયાદીમાં નામ નોંધાવવાની લાયકાત ધરાવે છે. તદ્નુસાર આપની યુનિવર્સિટી હસ્તકની કોલેજો તથા અન્ય ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદ્યાર્થીઓ તેઓનું નામ મતદારયાદીમાં નોંધાવી શકે તે માટે સંબંધીત જીલ્લાના કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી મારફત આ કોલેજો તથા શૈક્ષણિક સંસ્થામાંજ ફોર્મ્સ સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જે માટે સંબંધીત સંસ્થાના એક કર્મચારીને પદનામિત અધિકારી તરીકે નીમી તેઓને જરુરી તાલીમ આપી ફોર્મ્સ સ્વીકારવાની કાર્યવાહી સંસ્થાના કામકાજના સમય દરમ્યાન કરવાની રહેશે. **વધુમાં આ રીતે નીમવામાં આવેલ પદનામિત અધિકારી (Designated Officer)ની સહાયતા માટે તથા વિદ્યાર્થીઓને મતદાર યાદીમાં નામ નોંધાવવા માટે પ્રોત્સાહિત કરવા સારૂ જે તે શૈક્ષણિક સંસ્થામાં જો જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા કેમ્પસ એમ્બેસેડર નિમાયા હોય તો તેઓની સક્રિય મદદ લેવાની રહેશે. તેમજ કેમ્પસ એમ્બેસેડરે કયા પ્રકારની અને કેવી રીતે કામગીરી બજાવવાની છે, તેની વિગતવાર સૂચના સંબંધિત કલેકટર અને જિલ્લા ચૂંટણી અધિકારી ધ્વારા આપવામાં આવશે.**

(૨) મતદારયાદીમાં નામ નોંધાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ મતદાર નોંધણી નિયમો હેઠળ નિયત થયેલ ફોર્મ નં.૬ માં અરજી કરવાની રહેશે, તેમજ અરજીમાં પોતાના પાસપોર્ટ સાઈઝના ફોટાની સાથે જરુરી પ્રમાણપત્ર બીડવાનું રહેશે.

...૨...

ટેલીફોન : (કચેરી) ૦૭૯-૨૩૨૫૦૩૧૮, ૦૭૯-૨૩૨૫૦૩૧૬ ફેક્સ : ૦૭૯-૨૩૨૫૦૩૧૭
E-mail : ceo_gujarat@eci.gov.in, ceoguj@gujarat.gov.in

(૩) આપના હસ્તકની સંસ્થાનાં તમામ લાયક વિદ્યાર્થીઓના નામ મતદારયાદીમાં નોંધાય તે માટેની કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી ધ્વારા જે વ્યવસ્થા કરવામાં આવે તેને કોલેજો કે શૈક્ષણિક સંસ્થાઓ તરફથી પૂરતો સહકાર મળી રહે તે માટે સંબંધીતોને જરુરી સૂચના આપવા વિનંતી છે.

આપનો સ્નેહાધિન,

(બી. બી. સ્વૈન)

પ્રતિ,
ડો. એમ.એસ.શાહ,
કાર્યકારી કુલસચિવ,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.